# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

**પો.બો.નં.–૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫**

**ફોનઃ(૦૨૭૬૬)૨૩૭૦૦૦** **ફેકસઃ (૦૨૭૬૬)૨૩૧૯૧૭**

Email : regi@ngu.ac.in, ce@ngu.ac.in Website:www.ngu.ac.in.


## પરીપત્ર નં : ૮૬/ ૨૦૨૦

**MARCH – JUNE, 2020ની પરીક્ષાઓ અંગે...**

વંચાણે લીધાઃ

૧. રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : કરન / ૧૦૨૦૨૦ / ૦૬૦૫૨૦૨૦ / ખ–૧ તા. ૨૪/૦૫/૨૦૨૦

૨. રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : કરન / ૧૦૨૦૨૦ / ૦૬૦૫૨૦૨૦ / ખ–૧ તા. ૨૬/૦૫/૨૦૨૦

આથી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના વિવિધ વિભાગોના વડાશ્રીઓ તથા સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે, COVID-19ની મહામારીને અનુલક્ષીને ફકત આ વર્ષ પૂરતું જ કોલેજ/ યુનિવર્સિટીની પરીક્ષાનું આયોજન નીચે મુજબ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

રાજય સરકારશ્રીના ઉપરોકત ઠરાવો અને યુ.જી.સી.ની ગાઈડલાઈન પ્રમાણે તથા યુનિવર્સિટીની તા. ૨૮/૦૫/૨૦૨૦ના રોજ મળેલ તમામ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા આમંત્રિતોની એક સંયુકત સભામાં ઠરાવ્યા મુજબ સ્નાતક (યુ.જી.) કક્ષાએ સેમેસ્ટર–૬ની તથા અનુસ્નાતક (પી.જી.) કક્ષાએ પ્રથમ અને બીજા વર્ષના અનુક્રમે સેમેસ્ટર–૨ અને ૪ની પરીક્ષાઓ લેવાશે.

૧. COVID-19ની પરીસ્થિતીના સંદર્ભમાં આ વર્ષે ખાસ કિસ્સામાં રાજય સરકારશ્રીના ઠરાવ અનુસાર સ્નાતક(યુ.જી.) કક્ષામાં સેમેસ્ટર–૬ની પરીક્ષાઓ તા. ૨૫/૦૬/૨૦૨૦થી તથા અનુસ્નાતક(પી.જી.) કક્ષામાં પ્રથમ અને બીજા વર્ષના અનુક્રમે સેમેસ્ટર–૨ અને ૪ની પરીક્ષાઓ તા. ૧૪/૦૭/૨૦૨૦થી શરૂ થશે. તેમજ જે અભ્યાસક્રમમાં પ્રવેશ સ્નાતક પછી મેળવેલ હોય તે તમામ અભ્યાસક્રમની સેમેસ્ટર –૨ અને ૪ની પરીક્ષાઓ પણ લેવામાં આવશે. જેનો વિગતવાર કાર્યક્રમ યુનિવર્સિટીની વેબસાઈટ પર હવે પછી મુકવામાં આવશે.

૨. તમામ કોલેજોએ સ્નાતક કક્ષાની સેમેસ્ટર–૨, ૪ અને ૬ તથા અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર–૨ અને ૪ના આંતરીક ગુણ તા. ૦૪/૦૬/૨૦૨૦ સુધીમાં મોકલી આપવાના રહેશે.

૩. સ્નાતક કક્ષાની સેમેસ્ટર–૬ અને અનુસ્નાતક કક્ષાની સેમેસ્ટર–૨ અને ૪ની જે વિષયમાં પ્રેકટીકલ પરીક્ષા લેવાની થતી હોય તે લેવાની રહેશે.

૪. હોમીયોપેથિકની લેવાની થતી રેગ્યુલર / સપ્લીમેન્ટરી પરીક્ષા જુલાઈના પ્રથમ સપ્તાહમાં લેવામાં આવશે. એમ.બી.બી.એસ., ડેન્ટલ અને ફિઝીયોથેરાપી તથા આર્કીટેકચરની તમામ પરીક્ષાઓ જુલાઈ માસમાં લેવામાં આવશે. જયારે નર્સીગની પરીક્ષાઓ કાઉન્સીલની સુચના અનુસાર સપ્ટેમ્બર માસમાં લેવામાં આવશે.

૫. તમામ ફેકલ્ટીમાં જે તે સેમેસ્ટરની પરીક્ષા ત્રણ કલાકની હતી તે બે કલાકની રહેશે. તમામ પેપરમાં ચારમાંથી ગમે તે ત્રણ પ્રશ્નો લખવાના રહેશે. જો કોઈ ફેકલ્ટી / અભ્યાસક્રમમાં જે–તે વિષયની પરીક્ષાનો સમય બે કલાક કે તેનાથી ઓછો હોય તેને લાગુ પડશે નહી.

૬. તમામ ફેકલ્ટીના પ્રશ્નપત્રોમાં – ૧૭, ૧૮, ૧૭, ૧૮ એમ કુલ ચાર પ્રશ્નો હશે જે પૈકી ગમે તે ત્રણ પ્રશ્નો લખવાના રહેશે અને દરેક પ્રશ્નના સમાન ગુણ રહેશે. જો કોઈ ફેકલ્ટી / અભ્યાસક્રમમાં જે–તે વિષયની પરીક્ષાનો સમય બે કલાક કે તેનાથી ઓછો હોય તેને લાગુ પડશે નહી.

૭. સ્નાતક કક્ષાની સેમેસ્ટર–૨ અને ૪ની લેખિત પરીક્ષાઓ લેવામાં આવશે નહી. આ તમામ વિદ્યાર્થીઓના પરીક્ષાઓના પરીણામો Merit Based Progression મુજબ આંતરીક ગુણના ૫૦% અને અગાઉના સેમેસ્ટરના ૫૦%ને ધ્યાને લઈ નીચે મુજબ માર્કસની ગણતરી કરવામાં આવશે.

દા.ત. યુનિવર્સિટીમાં આંતરિક મૂલ્યાંકન ૩૦ ગુણ છે તેમાંથી વિદ્યાર્થીએ ૨૦ ગુણ મેળવેલ હોય અને તરત અગાઉના (Previous) સેમેસ્ટરના યુનિવર્સિટી પરીક્ષાના ૧૦૦ ગુણમાંથી તેવિદ્યાર્થીએ ૭૦ ગુણ મેળવેલ હોય તેવા કિસ્સામાં નીચે મુજબ માર્કસની ગણતરી કરવાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| આંતરિક મૂલ્યાંકનના ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | આંતરિક મૂલ્યાંકન ૩૦માંથી મળેલ ગુણ દા.ત. ૨૦ ગુણ | આંતરિક મૂલ્યાંકનના કુલ ગુણ એટલે ૨૦/૩૦ ના ૫૦% = ૫૦× ૨૦/૩૦ = ૩૩.૩૩ ગુણ |
| તરત અગાઉના (Previous) સેમેસ્ટરના ૫૦% ગુણની ગણતરી | કુલ ગુણ ૫૦ | કુલ ગુણ ૧૦૦ માંથી મળેલ ગુણ દા.ત. ૭૦ ગુણ | તરત અગાઉના (Previous) સેમેસ્ટરના કુલ ગુણ એટલે કે ૭૦ના ૫૦% = ૩૫ ગુણ |
| વિદ્યાર્થીને મળવાપાત્ર ગુણ | કુલ ગુણ ૧૦૦ | | ૩૩.૩૩ + ૩૫ = ૬૮.૩૩ ગુણ = ૬૮ ગુણ (પૂર્ણાંકમાં ગણતાં) |

વધુમાં જે અભ્યાસક્રમમાં પ્રાયોગિક પરીક્ષાના ગુણ માત્ર યુનિવર્સિટી પરીક્ષાના જ ગણાંતા હોય તેવા અભ્યાસક્રમમાં આગળના સેમેસ્ટરના માર્કસ ગણવામાં આવશે.

૮. તમામ પરીક્ષા કેન્દ્ર સંચાલકશ્રીએ પરીક્ષા ખંડમાં પરીક્ષાર્થીની પાટલી તથા તમામ પરીક્ષા ખંડ સેનેટાઈઝ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે. સલામતી માટે હેન્ડ સેનીટાઈઝર તથા હાથ ધોવા માટે સાબુ પણ રાખવો.

૯. પરીક્ષા કેન્દ્રો પર કેન્દ્ર સંચાલકશ્રીએ વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા સોશ્યલ ડિસ્ટન્સીગ સાથે સુચારૂ રીતે ગોઠવવાની રહેશે.

૧૦. એક પાટલી પર ફકત એક જ વિદ્યાર્થીને બેસાડવો તેમજ પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓને Zig-Zag બેસાડવા. તેમજ બે વિદ્યાર્થીઓ વચ્ચે ઓછામાં ઓછું ત્રણ ફુટ અંતર રાખવું. આ તમામ વ્યવસ્થાની ચકાસણી જે તે દિવસના સિનીયર સુપરવાઈઝરે કરવાની રહેશે.

૧૧. પરીક્ષા દરમ્યાન ઉપયોગમાં લેવાનાર તમામ ટોઈલેટ તમામ સેશન દરમ્યાન / બાદ સેનીટાઈઝ કરાવાના રહેશે.

૧૨. દરેક પરીક્ષાર્થી પીવાના પાણીની બોટલ ઘરેથી લઈને આવે તે હિતાવહ છે.

૧૩. સોશ્યલ ડિસ્ટન્સીગ જાળવવાની તથા દરેક પરીક્ષાર્થીએ માસ્ક પહેરેલ છે કે નહીં તેની ચકાસણી સિનિયર સુપરવાઈઝરે કરવાની રહેશે. જો માસ્ક પહેરેલ ન હોય તો સરકારશ્રીના નિયમો અનુસાર રૂ. ૨૦૦/– દંડ પરીક્ષા કેન્દ્રે વસૂલવો.

૧૪. પરીક્ષા કેન્દ્ર બહાર પણ વિદ્યાર્થીઓ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવે તેની તકેદારી કેન્દ્ર સંચાલકે રાખવાની રહેશે.

૧૫. જો કોઈ વિદ્યાર્થી Merit Based Progression મુજબના પરીણામના ગ્રેડમાં સુધારો કરવા ઈચ્છતો હોય તો તે સરકારશ્રીની સૂચના મુજબ લેવાનાર October - Novemberમાં વિશેષ પરીક્ષા દરમ્યાન વધુ એક તક આપવામાં આવશે.

પત્રાંકઃ પરી / ૬૩ / ૨૦૨૦
પરીક્ષા વિભાગ, હેમ. ઉ. ગુ. યુનિવર્સિટી,
પાટણ
તાઃ ૦૨/૦૬/૨૦૨૦

(મિતુલ દેલીયા)
કા.પરીક્ષા નિયામક

પ્રતિ,

૧. હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ / સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ /સ્વનિર્ભર અભ્યાસક્રમોના કો–ઓર્ડીનેટરશ્રી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારુ.

**નકલ સવિનય જાણ સારૂ રવાના :**

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર – ગુજરાત તરફ

૩. કુલપતિશ્રી / કુલસચિવશ્રી / મુખ્ય હિસાબી અધિકારીશ્રી તરફ જાણ સારુ.

૪. મદદનીશ કુલસચિવશ્રી, કચેરી અધિક્ષકશ્રી, હેડ કલાર્ક (પરીક્ષા તથા એકેડેમિક શાખા).

૫. કાર્યાલય / પરીક્ષા વિભાગ નોટીસ બોર્ડ.

૬. હેમ.ઉ.ગુ.યુનિ. પૂછપરછ તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી કરવા સારુ.

૭. સિસ્ટમ એનાલિસ્ટશ્રી (વેબસાઈટ પર મૂકવા માટે).

૮. મહેકમ શાખા, હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી, પાટણ તરફ પરિપત્રની ફાઈલ અર્થે.

માર્ચ–જુન, ૨૦૨૦માં યોજાનાર પ્રથમ તબકકાની પરીક્ષાઓની યાદી તેમજ પરીક્ષા શરૂ થવાની તારીખો

| Sr. No. | Name of Exam | From To | Time |
|---|---|---|---|
| 1 | BA SEM-6 | 25-06-20 to 10-07-20 | 08.30 to 10.30 |
| 2 | BA Performing Arts Sem-8 | 25-06-20 to 27-06-20 | 08.30 to 10.30 |
| 3 | B.SC.SEM.-6 | 25-06-20 to 04-07-20 | 12.00 to 02.00 |
| 4 | B.SC.SEM.-6 ( HOME SCIENCE ) | 25-06-20 to 02-07-20 | 12.00 to 02.00 |
| 5 | B.COM.SEM.-6 | 25-06-20 to 01-07-20 | 03.30 to 05.30 |
| 6 | B.B.A.SEM. - 6 | 25-06-20 to 02-07-20 | 12.00 to 02.00 |
| 7 | B.C.A.SEM.-6 | 25-06-20 to 27-06-20 | 12.00 to 02.00 |
| 8 | B.R.S.SEM.-6 | 25-06-20 to 30-06-20 | 12.00 to 02.00 |
| 9 | B.S.W.SEM.-6 | 25-06-20 to 29-06-20 | 12.00 to 02.00 |
| 10 | B.ED.SEM.-4 | 25-06-20 to 26-06-20 | 03.00 to 06.00 |
| 11 | SPECIAL B.ED.SEM.-4 | 25-06-20 to 27-06-20 | 03.00 to 06.00 |
| 12 | L.L.B.SEM.-6 | 25-06-20 to 30-06-20 | 12.00 to 02.00 |
| 13 | M.SC.(CA&IT)SEM.-6 | 25-06-20 to 29-06-20 | 12.00 to 02.00 |
| 14 | B.ED.SEM.-2 & Sp. B. ED. Sem-2 | 27-06-20 to 01-07-20 | 03.00 to 06.00 |
| 15 | L.L.B.SEM.-4 | 01-07-20 to 07-07-20 | 12.00 to 02.00 |
| 16 | L.L.B.SEM.-2 | 01-07-20 to 07-07-20 | 03.30 to 05.30 |